રેગ્યુલર દિવાની મુકદમા નં.૬૯/૨૦૧૭

(ગુજરનાર રાજનભાઈ રાવજીભાઈ પટેલના વારસો વિ.નિશાબેન સુરજભાઈ શેઠની પત્ની અને પ્રકાશભાઈ ડાહયાભાઈની પટેલની દીકરી વગેરે વિ. ૭)

આંક–૫ તથા આંક–૨૩ તળે સંયુકત હુકમ :

એડવોકેટસ : વાદીઓ તરફે વિ.વ.શ્રી એમ.જી.મલીક
પ્રતિવાદી નં.૧,૨ તરફે વિ.વ.શ્રી પી.જી.શાહ પટેલ
પ્રતિવાદી નં.૩ થી ૪ તરફે વિ.વ.શ્રી આર.બી.પંચોલી
પ્રતિવાદી નં.૫ થી ૭ તરફે એકતરફી

(૧) વાદી તરફે હાલની દાવા અરજી રૂ.૧૦૦૦/– આંકથી જાહેરાત તથા કાયમી મનાઈ હુકમની દાદ માટે સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૩૪ તથા ૩૮ તથા સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯ મુજબ મોજે સુઈ ગામની બ્લોક નં.૨૨૩, ખાતા નં.૬૫૯, ક્ષેત્રફળ ૫–૭૬–૬૮, આકારે રૂા.૩૯.૭૫ પૈસા વાળી ખેતીની જમીન બાબતે દાખલ કરેલ છે. દાવાની સાથે વચગાળાના મનાઈ હુકમ માટે હાલનીઅરજી સીવીલ પ્રોસીજર કોડ હુકમ ૩૯, નિયમ ૧,૨ હેઠળ દાખલ કરી દાવો ચાલતા દરમ્યાન વાદીની તરફેણમાં અને પ્રતિવાદી નં.૨,૩ વિરુધ્ધમાં વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માંગણી કરેલ છે. સદરહું કામે પ્રતિવાદી નં.૨,૩ નાઓએ પણ હાજર થઈ આંક –૨૩ થી અરજી આપી વાદી વિરુધ્ધ પ્રતિવાદીનં.૨ ની તરફેણમાં અને વાદીઓની વિરૂધ્ધમાં કામચલાઉ સામા મનાઈ હુકમની માંગણી કરેલ છે.

(૨) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે સુઈ ગામની બ્લોક નં.૨૨૩, ખાતા નં.૬૫૯, ક્ષેત્રફળ ૫–૭૬–૬૮, આકારે રૂા.૩૯.૭૫ પૈસા દાવાવાળી મીલકત વાદી તથા પ્ર તિવાદી નં. ૩ થી ૭ ની વડીલોપાર્જીત મીલકત છે જે જમીન જાતે ખેડી વાદીઓ કુંટુંબનું ગુજરાન ચલાવે છે. વાદીઓના વડીલ રાજનભાઈ રાવજીભાઈ નાઓના અવસાન બાદ હાલના વાદીઓ ખેતીની જમીન ખેડે છે. વધુમાં દાવા અરજીની હકીકત એવી છે કે, ગુજરનાર રાજનભાઈ રાવજીભાઈને પ્રતિવાદી નં.૧ સાથે તા.૧૨/૧૦/૧૨ ના રોજ રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર પ્ર તિવાદી નં.૧ નાએ સમજુતી કરાર લખી આપી વેચાણ અવેજ ચુકવવા પાકી ખાતરી આપેલ. વધુમાં દાવા અરજીની હકીકત એવી છે કે, વાદીઓના વડીલ રાજનભાઈ રાવજીભાઈ પટેલ નું તા.૨૬/૮/૧૬ ના રોજ અવસાન થયેલ, પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી જમીન તા.૫/૧૦/૧૨ ના રોજ વેચાણ દસ્તાવેજ લખાવી લીધા બાદ વેચાણ અવેજ ન ચુકવતા સદરહું જમીનનો પ્રત્યક્ષ કબજો

ભોગવટો વાદીએ પ્રતિવાદી નં.૧ ને સુપરત કરેલ નથી. વધુમાં દાવા અરજીની હકીકત એવી છે કે, પ્રતિવાદી નં.૧ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૩ થી ૭ ની પીઠ પાછળ પ્રતિવાદી નં.૨ ને દાવાવાળી જમીન દગો અને કપટ કરી વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૧૫ થી લખી આપેલ. આ તમામ લખાણ બીન અવેજ બોગસ અને વાદીઓના કાયદેસરના હકકો ડુબાડવા ઉભા કરેલ છે. આ બાબતે તા.૯/૧૨/૧૬ ના રોજ વાદીઓએ પ્રતિવાદી નં.૧,૨ ને લીગલ નોટીસ આપેલ અને ઠાસરાના પ્રાંત સાહેબની કોર્ટમાં વાદીઓના હકકો વિરુધ્ધના ફેરફારોને પડકારેલ. વધુમાં દાવા અરજીની હકીકત એવી છે કે, હાલના દાવાવાળી મીલકતનો કબજો વાદી પાસે છે અને તેમા સોયાબીનની ખેતી કરી છે. વધુમાં દાવા અરજીની હકીકત એવી છે કે, દાવાવાળી મીલકતનું અવેજ ચુકવેલ ન હોય દાવાવાળી મીલકતનો કબજો પ્રતિવાદી નં.૧,૨ ને મળેલ ન હોવા છતાં વાદીઓને દખલ અંતરાય કરતા હોય પ્રતિવાદી નં.૧,૨ વિરુધ્ધ સદરહ દાવો કરવાની જરુર પડેલી છે. વધુમાં દાવા અરજીની હકીકત એવી છે કે, પ્રતિવાદી નં.૧ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૩ થી ૭ ને વેચાણ અવેજ પૈસા ચુકવ્યા ન હોવા છતાં નાણાંના જોરે દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં દાખલ થઈ પ્રતિવાદી નં.૨ ને તા.૩૦/૯/૧૫ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. વધુમાં દાવા અરજીની હકીકત એવી છે કે, પ્રતિવાદી નં.૭ સગીર અવસ્થામાં અને માનસીક અસ્થિર હોવા છતાં તેઓની ખોટી ઉંમર દર્શાવી ખોટો દસ્તાવેજ કરેલ છે વગેરે હકીકત જણાવી વાદીઓને દાવાવાળી મીલકતમાં ખેતીની ઉપજ લેતાં પ્રતિવાદી કે તેમના માણસો દાવાવાળી મીલકતમાં ગેરકાયદેસર પ્ર વેશ કરે કરાવે નહી, વાદીઓને ખેતી કરતા, ઉપજ લેતાં હરકત અંતરાય કરે કરાવે નહી તેવો વચગાળાનો હુકમ દાવાના આખરી નિકાલ સુધી વાદી તથા પ્રતિવાદી નં.૩ થી ૭ ના હકકોના રક્ષણ માટે પ્રતિવાદી નં.૧,૨ વિરુધ્ધ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદી નં.૧,૨ ને દાવાનો સમન્સ નોટીસ બજી જતા તેઓ પોતાના વિ.વ.શ્રી પી.જી.શાહપટેલ મારફતે હાજર થઈ આંક–૨૨ થી લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ વાદીના દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. જવાબની ટુંકમાં હકીકત જોઈએ તો પ્રતિવાદી નં.૧, ૨ તરફે જણાવેલ છે કે દાવાવાળી મીલકત ઠાસરાના સબ રજીસ્ટારશ્રી રુબરુ રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૫૦/૧૨ થી વેચાણ કિ.રૂા.૨૨,૪૯,૫૦૦/– ની નકકી કરી તે તમામ રકમ બેંક ઓફ ઈન્ડીયા કારેલીબાગ શાખા વડોદરા મારફતે વાદીઓને ચુકવી આપેલ છે. ત્યાર બાદ દાવાવાળી મીલકતનો કબજો ભોગવટો સબ રજીસ્ટાર રુબરુ રજી.વેચાણ દસ્તાવેજ કરી

આપેલ. વધુમાં જવાબની હકીકત એવી છે કે, સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ ના નામે રેવન્યુ રેકર્ડમાં તા.૩૦/૪/૧૩ થી પ્રમાણીત થયેલ છે. ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ નાએ સદર જમીન પ્રતિવાદી નં.૨ નાને તા.૨૪/૧/૧૪ ના રોજ રજીસ્ટર વેચાણ કરાર કરી કબજો સોપી આપેલ છે. ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ને રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૧૫ કરી આપેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૨ તરફે જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૨ નાએ દાવાવાળી જમીનની જરુરી પરવાનગી મેળવી ગ્રીનક્રિટ ઈન્ફ્રા.બ્લોકસ પ્રા.લી.ના નામથી ફેરફાર નોધ નં. ૪ ૪૯૩ થી રેવન્યુ રેકર્ડમાં માલીકી તથા કબજેદાર તરીકે આવેલ હોવા છતાં વાદીઓએ ખોટી હકીકત ઉપજાવી હાલનો દાવો કરેલ હોય દાવાવાળી અરજી તથા મનાઈ અરજી રદ કરવા વિનંતી કરેલી છે.

(૩.૧) આ કામે પ્રતિવાદી નં.૩,૪ ને દાવાની નોટીસ તથા સમન્સ બજી જતાં તેઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૨૧ થી દાવાનો જવાબ રજુ રાખેલ છે. તેમા તેઓએ દાવા અરજીની અંશતઃ હકીકત ખરી હોવાનું અને બાકીની હકીકતનો કબુલ ન હોવાનું જણાવેલ છે. તેઓએ વાદીને સમર્થનકારક હકીકતો જણાવેલ છે.

આ કામે પ્રતિવાદી નં.૫ થી ૭ ને દાવાનો સમન્સ/ નોટીસ બજી જવા છતાં હાજર ન રહેતા તેઓની વિરુધ્ધ કામ એકતરફી ચલાવવાનો હુકમ તા.૪/૮/૧૮ ના રોજ આંક–૧ લગત કરવામાં આવેલ છે.

(૪) પ્રતિવાદી નં.૧,૨ તરફે આંક–૨૩ થી સામો મનાઈ હુકમ મેળવવા રજી આપેલ છે. જેમાં તેઓએ પોતાના આંક–૨૨ ના લેખીત જવાબમાં જણાવેલ હકીકતો દોહરાવેલી છે અને દાવાવાળી મીલકતમાં વાદીઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો ધ્વારા કાયદેસર કાર્યવાહી કર્યા સીવાય કબજો લે લેવડાવે નહી તેવો વાદીઓ વિરુધ્ધ અને પ્રતિવાદી નં.૨ ની તરફેણમાં કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા વિનંતી કરેલી છે.

વાદી તરફે આંક–૨૬ થી કાઉન્ટર સોગંદનામુ રજુ રાખેલ છે જેમાં તેઓએ પ્રતિવાદી નં.૧ , ૨ નાઓએ દાવો તથા મનાઈ અરજીનો જે જવાબ આપેલ છે તેમા જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૫) વાદી તરફે આંક–૩ ના લીસ્ટથી ૨૨ કાગળોનું તથા આંક–૨૮ થી ૦૯ કાગળોનુ

દસ્તાવેજી પુરાવઓનુ લીસ્ટ રજુ રાખેલ છે. જયારે પ્રતિવાદી નં.૧,૨ તરફે આંક–૩૧ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી ૦૯ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. જે તમામ વંચાણે લેવામાં આવેલ છે.

(૫.૧) વાદી તરફે વિ.વ.શ્રી એમ.જી.મલેક ની એ મૌખિકમાં દલીલ કરતાં જણાવેલ છે કે, મોજે સુઈ ગામની બ્લોક નં.૨૨૩, ખાતા નં.૬૫૯, ક્ષેત્રફળ ૫–૭૬–૬૮, આકારે રૂા.૩૯.૭૫ પૈસા દાવાવાળી મીલકત વાદી તથા પ્રતિવાદી નં. ૩ થી ૭ ની વડીલોપાર્જીત મીલકત છે જે જમીન જાતે ખેડી વાદીઓ કુંટુંબનું ગુજરાન ચલાવે છે. વિ.વ.શ્રી ધ્વારા વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વાદીઓના વડીલ રાજનભાઈ રાવજીભાઈ નાઓના અવસાન બાદ હાલના વાદીઓ ખેતીની જમીન ખેડે છે, ગુજરનાર રાજનભાઈ રાવજીભાઈને પ્રતિવાદી નં.૧ સાથે તા.૧ ૨/૧૦/૧૨ ના રોજ રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર પ્રતિવાદી નં.૧ નાએ સમજુતી કરાર લખી આપી વેચાણ અવેજ ચુકવવા પાકી ખાતરી આપેલ. વિ.વ.શ્રી ધ્વારા વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વાદીઓના વડીલ રાજનભાઈ રાવજીભાઈ પટેલ નું તા.૨૬/૮/૧૬ ના રોજ અવસાન થયેલ, પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી જમીન તા.૫/૧૦/૧૨ ના રોજ વેચાણ દસ્તાવેજ લખાવી લીધા બાદ વેચાણ અવેજ ન ચુકવતા સદરહું જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીએ પ્રતિવાદી નં.૧ ને સુપરત કરેલ નથી. વિ.વ.શ્રી ધ્વારા વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ નએ પ્ર તિવાદી નં.૨ ને દાવાવાળી જમીન વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૧૫ થી લખી આપેલ, આ તમામ લખાણ બીન અવેજ છે. વિ.વ.શ્રી ધ્વારા વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, હાલના દાવાવાળી મીલકતનો કબજો વાદી પાસે છે અને તેમા સોયાબીનની ખેતી કરી છે.વિ.વ.શ્રી ધ્વારા વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, દાવાવાળી મીલકતનું અવેજ ચુકવેલ ન હોય દાવાવાળી મીલકતનો કબજો પ્રતિવાદી નં.૧,૨ ને મળેલ ન હોવા છતાં વાદીઓને દખલ અંતરાય કરતા હોય પ્ર તિવાદી નં.૧,૨ વિરુધ્ધ સદરહ દાવો કરવાની જરુર પડેલી છે. વિ.વ.શ્રી ધ્વારા વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૩ થી ૭ ને વેચાણ અવેજ પૈસા ચુકવ્યા ન હોવા છતાં નાણાંના જોરે દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં દાખલ થઈ પ્રતિવાદી નં.૨ ને તા.૩૦/૯/૧૫ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. વિ.વ.શ્રી ધ્વારા વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વાદીઓને દાવાવાળી મીલકતમાં ખેતીની ઉપજ લેતાં પ્રતિવાદી કે તેમના માણસો દાવાવાળી મીલકતમાં ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી, વાદીઓને ખેતી કરતા, ઉપજ લેતાં હરકત અંતરાય કરે કરાવે નહી તેવો વચગાળાનો હુકમ દાવાના આખરી નિકાલ સુધી વાદી તથા પ્ર

તિવાદી નં.૩ થી ૭ ના હકકોના રક્ષણ માટે પ્રતિવાદી નં.૧,૨ વિરુધ્ધ ફરમાવવા વિનંતી કરેલ છે.

પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે વિ.વ.શ્રી પી.જી શાહ પટેલ ધ્વારા આંક–૩૦ થી લેખીત દલીલો રજુ રાખેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. તેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી મીલકત રજી.વેચાણ દસ્તાવેજથી ખરીદેલ તેના આધારે પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી મીલકત પ્રતિવાદી નં.૨ નાને વેચાણ દસ્તાવેજથી વેચેલ અને આ નાણાં ચુકવેલ છે અને રજી.વેચાણ દસ્તાવેજથી દાવાવાળી મીલકતનો કબજો હાલમાં પ્રતિવાદી નં.૨ પાસે રહેલો છે. જો વાદી પાસે દાવાવાળી મીલકતનો કબજો હોત તો તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ હોત. જે રજુ રાખેલ નથી કે વાદીએ દાવાવાળી મીલકતના પંચનામાની અરજી આપી પંચનામુ પણ કરાવેલ નથી. હાલમાં મીલકતના ભાવો વધેલ હોય નાણાં પડાવવા અને નવીન હકકો ઉભા કરવાના બદ ઈરાદે હાલનો ખોટો દાવો ઉભો કરેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, વાદીઓના વડીલ રાજનભાઈની હયાતી દરમ્યાન વાદીએ કોઈ દાવો કરેલ નથી કે તે બાબતે કોઈ લીગલ નોટીસ આપેલ નથી. વાદીએ જણાવેલ સમજુતી કરાર કોઈ નોટરી રુબરુ કે સબ રજીસ્ટાર રુબરુ કરવામાં આવેલ નથી કે કોઈ સાક્ષીઓની રુબરુ સહી કરવામાં આવેલ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, વાદીએ મહેસુલ ભર્યાના નાણાની પાવતીની નકલ રજુ કરેલ છે તેમાં ખાતા નં.૨૬૫ જણાવેલ છે જયારે દાવાવાળી મીલકતનો ખાતા નં.૭૫૦ આવેલ છે ત્યારે વાદી બીજી ખેતીની જમીનની મહેસુલ ભર્યાની પાવતીઓ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૧,૨ પોતાની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ રજુ રાખેલ છે જે નીચે મુજબ છે.

(1) LAWS (GJH) 2005 8 35, Chairman/Secretary bhadreshwar Co-Op Hosg. Soc. v/s Maharaj samosa centre prop. Babulal hariram, (2) 1997 (2) G.L.H. 767, Jamnagar-Rajkot Gramin Bank Offiers' Association & Anr .. v/s Jamnagar-Rajkor Gramin Bank & Anr..

ઉપરોકત હકીકત જણાવી વાદીનો આંક–૫ નામંજુર કરવા અને પ્રતિવાદી નં.૨,૩ નાઓની સામે મનાઈ હુકમની અરજી મંજુર કરવા વિનંતી કરેલી છે.

(૬). સદરહુ અરજીના ન્યાયિક નિર્ણય સારું નીચે મુજબના મુદાઓ કાઢવામાં આવે છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની

તરફેણમાં છે ?

(૩) શું વાદી સાબિત કરે છે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ન ચુકવી શકાય તેવું નુકશાન જાય તેમ છે ?

(૪) શું પ્રતિવાદીનં.૧,૨ સાબિત કરે છે કે તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૫) શું પ્રતિવાદીનં.૧,૨ સાબિત કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે ?

(૬) શું પ્રતિવાદીનં.૧,૨ સાબિત કરે છે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદીનં.૨ ને નાણામાં ન ચુકવી શકાય તેવું નુકશાન જાય તેમ છે ?

(૭) શું હુકમ ?

(૬.૧). ઉપરોકત મુદાના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

મુદા નં.(૧) : ''નકારમાં.''

મુદા નં.(૨) : ''નકારમાં.''

મુદા નં.(૩) : ''નકારમાં.''

મુદા નં.(૪) : ''હકારમાં.''

મુદા નં.(૫) : ''હકારમાં.''

મુદા નં.(૬) : ''હકારમાં.''

મુદા નં.(૭) : આખરી હુકમ મુજબ.

–:: કા ર ણો ::–

મુદા નં. ૧ થી ૭ :

(૭). આ કામે ઉપરોકત તમામ મુદાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુથી આ તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે

(૭.૧). It is well settled position of law that, a Court cannot grant an injunction as and when an application before it is filed. Grant of an injunction must be in exercise of the judicial discretion of the Court and in granting an injunction a court is duty bound to find whether the three ingredients and golden principles for grant of injunction are present or not. At the time of deciding the application for the ad-interim injunction the principles regarding the ad-interim injunction enunciated by the Hon'ble Gujarat High Court in the case of Registrar of High Court of Gujarat, Ahemadavad vs. B. J. Patel, reported in 1997 (2) G.L.H. 240 is required to be considered. Hon'ble Gujarat High Court has held that *"It may also be noted at this stage that the parameters for the grant of interlocutory order though are not prescribed in the constitution, but areanalogous to the provisions of order-39, R-1 & 2 of the Code of Civil Procedure, 1908."* Hon'ble Gujarat High Court has further held in this case that *"It is a settled proposition of law that interim order during thependency of the main dispute can be granted provided the followingingredients are established to the hilt (1) Primafacie case (2) Balance of Convenience and (3) irreparable injury."* As laid down by the Hon'ble Gujarat High Court in this case that mere existence of one of the factors is not sufficient. The Hon'ble Gujarat High Court has laid down the principles guiding in deciding the application for ad-interim injunction under the provision of Order 39, Rule 1, 2. The Hon'ble Gujarat High Court has laid down the settled principles regarding the injunction and held that *"All the three principles governing the grant*

or refusal of the interlocutory injunction or order must co-exist. It is not enough even strong primafacie case is shown, it must be successfully shown that there is strong primafacie case and irreparable harm will be caused to the petitioner if the interlocutory order is refused and balance of convenience tilts in favour of the petitioner." Taking into consideration the above principles enunciated by the Hon'ble Gujarat High Court, the plaintiff is required to establish the said three parameters are in his favour.

(૭.૨) વાદી તરફે હાલની અરજી સી.પી.સી.ઓર્ડર ૩૯,રૂલ ૧,૨ મુજબ કરવામાં આવેલ છે ત્યારે સી.પી.સી.ઓર્ડર ૩૯,રૂલ ૧,૨ મુજબની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તેમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ :–

૧. જેમાં કામચલાઉ મનાઈહુકમ આપી શકાય તેવા કેસ :–

(૧) કોઈપણ દાવામાં સોગંદનામાથી અથવા બીજી રીતે એવું સાબિત થાય કે :–

(ક) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાંની કોઈપણ તકરારી મિલ્કત વેડફી નાખી કંઈ નુકશાન કરશે અથવા તો તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનમામાની બજાવણીમાં તે ગેરવાજબી રીતે વેચાશે એવી દહેશત છે , અથવા

(ખ) પોતાના લેણદારોને દગો દેવાના ઉદ્દેશથી પ્રતિવાદી પોતાની મિલ્કત ખસેડવાની અથવા તેનો નિકાલ કરી નાખવાની બીક બતાવે છે , અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે, અથવા

(ગ) દાવામાં તકરારી મિલ્કતના સબંધમાં, વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.

*	(કોર્ટ આવું કાર્ય થતું અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતાં સુધી તે મિલ્કત વેડફાઈ જતી હોય તે, તેને નુકશાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડાતી હોય તે અથવા પેટા–નિયમ(૧) હેઠળ દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલ્કતના સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકશાન પહોંચાડવા માટે, કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથદા અન્યથા વાદીને આદેશ કરી શકશે.)

ત્યારે હુકમ કરીને ન્યાયાલય એવું કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈ હુકમ આપી શકશે અથવા તે દાવાનો નિકાલ થતાં સુધી અથવા બીજો હુકમ થતાં સુધી, તે મિલ્કત વેડફાઈ જતી હોય તે,તેને નુકશાન થતું હોય તે બીજાને આપી દેવાતી હોય તે, વેચાતી હોય તે, ખસેડાતી હોય તે, અથવા તેનો નિકાલ થતો હોય તે બંધ રખાવવા તથા અટકાવવા માટે, અથવા દાવામાંની તકરારી મિલ્કતના સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકશાન પહોંચાડવા માટે, પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકશે.

તેમજ સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ–ર ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તેમાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે,

<u>ર. કરાર ભંગનું પુનરાવર્તન કે ચાલુ રહેતું રોકવા મનાઈ હુકમ :–</u>

(૧)	પ્રતિવાદીને કરાર ભંગ કરતા અથવા બીજા કોઈ પ્રકારનું નુકશાન કરતા રોકવા માટેના કોઈ દાવામાં, તે દાવામાં વળતર માંગવામાં આવ્યું હોય કે ન હોય તો પણ, દાવાના આરંભ પછી ,કોઈપણ સમયે અને ચુકાદા પહેલા કે પછી, વાદી જે કરાર ભંગ કે નુકશાનની ફરીયાદ કરવામાંઆવી હોય તે, અથવા તે જ કરારમાંથી ઉપસ્થિત થતાં, અથવા તે જ મિલ્કત કે હકકને લગતો

એવો જ કરારભંગ કે નુકશાન કરતા પ્રતિવાદીને અટકાવવા કામચલાઉ મનાઈ હુકમ મેળવવા ન્યાયાલયને અરજી કરી શકશે.

(૨) ન્યાયાલય હુકમ કરીને આવો મનાઈ હુકમ તેની મુદ્દત વિશે, તેનો હિસાબ રાખવા વિશે, જામીન આપવા વિશે અન્યથા પોતાને યોગ્ય લાગે તે શરતોએ આપી શકશે.

(૮) વાદીના કથન અનુસાર મોજે ગામ સુઈ સીમની બ્લોક નં.૨૨૩, ખાતા નં.૬૫૯ ક્ષેત્ર ફળ ૫–૭૬–૬૮, આકાર રૂા.૩૯.૭૫ પૈસાવાળી ખેતીની જમીન વાદી તથા પ્રતિવાદી નં.૩ થી ૭ ની વડીલોપાર્જીત આવેલી છે જેમાં તેઓ ખેતી કરી અને ઉત્પાદન લઈ કુંટુંબનું ગુજરાન ચલાવે છે. વધુમાં વાદીનું કથન એવુ છે કે, પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી જમીન તા.૫/૧૦/૧૨ ના રોજ વેચાણ દસ્તાવેજથી લીધેલી. બાદમાં વેચાણ અવેજ ન ચુકવતા સદર જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓએ પ્રતિવાદી નં.૧ ને સુપ્રત કરેલ નથી. વધુમાં વાદીનું કથન એવુ છે કે, પ્રતિવાદી નં.૧ નાએ આ જમીન વેચાણ દસ્તાવેજ રજી.નં.૯૮૦/૧૫, થી પ્રતિવાદી નં.૨ ને વેચાણ કરી આપેલી. વધુમાં એવું કથન છે કે, હાલની દાવાવાળી જમીનમાં વાદીઓના વડીલોનો પ્રત્યક્ષ કબજો આવેલો છે. આ જમીન ઉપર વાદીઓનો સોયાબીનની ખેતી કરેલ છે. વાદી તરફે પોતાની રજુઆતના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી ૨૨ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જે તમામ વંચાણે લેતાં દાવાવાળી તકરારી મીલકત ઉપર વાદીઓનો કબજો ભોગવટો આવેલો હોય કે વાદીઓએ સોયાબીનની ખેતી કરેલી હોય તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી. જયારે આ કામના પ્રતિવાદી નં.૧ ના કથન અનુસાર દાવાવાળી મીલકત પ્રતિવાદી નં.૧ નાએ સબ રજીસ્ટ્રાર શ્રી ઠાસરામાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૯૫૦/૧૨ થી વેચાણ કિ.રૂા.૨૨,૪૯,૫૦૦/– નકકી કરી તે તમામ રકમ બેંક ઓફ ઈન્ડીયા, કારેલીબાગ શાખા વડોદરા મારફતે ચુકવી આપેલ અને ત્યારથી કબજો ભોગવટો પ્રતિવાદી નં.૧ નો રહેલ હતો. જેના સમર્થનમાં પ્રતિવાદી નં.૨ તરફે નિ.૩૧/૧ થી રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૫૦/૧૨, તા.૫/૧૦/૧૨ ની નકલ રજુ રાખેલ છે. જયારે આ નકલ વાદી તરર્ફે નિ.૩/૩ થી રજુ રાખેલ છે. સદરહું વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં આ દસ્તાવેજ દાવાવાળી જમીનનો છે તેમાં વેચાણ રાખનાર તરીકે આ કામના પ્રતિવાદી નં.૧ રહેલ છે. જયારે વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નં.૩ થી ૭ તથા વાદીના વડીલોના નામ રહેલ છે. સદરહું વેચાણ દસ્તાવેજ નં.૯૫૦/૧૨ થી તા.૫/૧૦/૧૨ ના રોજ નોધાયેલ છે અને તેમાં

રૂા.૨૨,૪૯,૫૦૦/– અવેજ ચુકવવાનો તથા પ્રત્યક્ષ કબજો સુપ્રત કરેલાનો ઉલ્લેખ કરેલ છે જે વંચાણે લેતાં આ કામના વાદીના વડીલ તથા પ્રતિવાદી નં.૩ થી ૭ નાએ પ્રતિવાદી નં.૧ ને વેચાણ દસ્તાવેજ કરી અવેજ લઈ દાવાવાળી મીલકતનો કબજો સોપેલ હોવાની હકીકત હાલના તબકકે પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે. આમ, આ કામના પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી મીલકતનો કબજો વાદીના વડીલ અને પ્રતિવાદી નં.૩ થી ૭ તરફથી રજી.વેચાણ દસ્તાવેજના આધારે મળેલ હોવાનું હાલના તબકકે પ્રથમ દર્શનિય રીતે ફલિત થાય છે. પ્રતિવાદી નં.૧,૨ તરફે વધુમાં એવુ કથન છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ એ પ્રતિવાદી નં.૨ ને સબ રજીસ્ટ્રાર ઠાસરા રુબરુ બાનાખત યાને વેચાણ કરી કબજો તા.૨૪/૧/૨૦૧૪ ના રોજ સોપી આપેલ અને પ્ર તિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ને રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૧૫ કરી આપેલ છે, તા.૨૪/૧/૧૪ ના રોજ થી દાવાવાળી મીલકતનો કબજો ભોગવટો પ્રતિવાદી નં.૨ ને આપેલ છે. પ્ર તિવાદી નં.૨ નાએ દાવાવાળી જમીનમાં જરુરી પરવાનગી મેળવી ગ્રીનક્રિટ ઈન્ફ્રા.બ્લોકસ પ્રા.લી.ના નામથી ફેરફાર નોધ નં.૪૪૯૩ થી રેવન્યુ રેકર્ડમાં માલીકી તથા કબજેદાર તરીકે નોધણી કરાવેલ છે. પ્રતિવાદી નં.૧,૨ તરફે નિ.૩૧/૯ થી રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૧૫, તા.૩૦/૯/૧૫ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં તે દાવાવાળી જમીનની છે તેમાં વેચાણ રાખનાર તરીકે આ કામના પ્રતિવાદી નં.૨ નું નામ રહેલુ છે જયારે વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નં.૧ નું નામ રહેલુ છે. વેચાણ દસ્તાવેજ નં.૯૮૦/૧૫ થી તા.૧૧/૧૨/૧૪ દર્શાવેલ છે જે તા.૩૦/૯/૧૫ ના રોજ નોધાયેલ છે અને તેમાં રૂા.૬૭,૪૭,૦૩૯/– ચુકવવાનું તથા પ્રત્યક્ષ કબજો સુપ્રત કર્યાનો ઉલ્લેખ છે. આ કામના પ્રતિવાદી નં.૨,૩ તરફે નિ.૩૧/૮ થી ફેરફાર નોધ નં.૪૪૯૩ રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેતાં દાવાવાળી મીલકતનો વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ રાખનાર તરીકે આ કામના પ્રતિવાદી નં.૨ નું નામ રહેલુ છે અને નોધ તા.૩૧/૧૨/૧૫ ના રોજ પ્રમાણીત થયેલ છે. આ બંને વેચાણ દસ્તાવેજોને આજ દિન સુધી રદ બાતલ ઠરાવવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી. આમ, પ્રતિવાદી નં.૧,૨ તરફે રજુ થયેલ વેચાણ દસ્તાવેજ આધારે પ્રથમ પ્રતિવાદી નં.૧ અને ત્યાર બાદ પ્રતિવાદી નં.૨ નાઓ દાવાવાળી મીલકતના માલીક અને કબજેદાર બનેલ હોવાનું હાલના તબકકે પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે. આ કામના વાદી તર્ફે નિ.૩/૧ થી દાવાવાળી મીલકતના ગામ નમુના નં.૭ ના ઉતારાની નકલ રજુ રાખેલ છે જે વંચાણે લેતાં તેમાં કબજેદાર તરીકે આ કામના પ્રતિવાદીઓના નામ રહેલ છે. વાદી તર્ફે નિ.૩/૨ થી ફેરફાર નોધ નં.૪૧૫૭ તા.૫/૧૦/૧૨ ગામ નમુના નં.૬ હકક પત્રકની ખરી નકલ રજુ

રાખેલ છે. જે વંચાણે લેતાં રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૫૦/૧૨ ના આધારે વેચાણ આપનારનું નામ કમી કરવામાં આવેલ છે અને કબજેદાર તરીકે પ્રતિવાદી નં.૧ નું નામ દર્શાવેલ છે. જે નોધ નં.૩૦/૪/૧૩ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧,૨ તરફે નિ.૩૧/૫ થી દાવાવાળી જમીનના ગામ નમુના નં.૭/૧૨ ની નકલ રજુ રાખેલ છે. નિ.૩૧/૬ થી ગામ નમુના નં.૮–અ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં દાવાવાળી મીલકતના કબજેદાર તરીકે પ્રતિવાદી નં.ર નુ નામ રહેલ હોવાનું જણાય આવે છે. આમ આ કામે રજુ રાખેલ બંને વેચાણ દસ્તાવેજો ધ્યાને લેતાં દાવાવાળી મીલકત વાદીઓના વડીલ તથા પ્રતિવાદી નં.૩ થી ૭ નાઓએ પ્રથમ પ્રતિવાદી નં.૧ ને વેચાણ કરેલ અને ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.ર ને વેચાણ કરેલ અને સદરહું વેચાણ દસ્તાવેજને આધારે હાલમાં દાવાવાળી મીલકતના માલીક અને કબજેદાર આ કામના પ્રતિવાદી નં.ર નાઓ હોવાનું હાલના તબકકે આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવઓ ઉપરથી પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે.

(૮.૧) પ્રતિવાદી નં.૧,ર તરફે નિ.૩૧/ર થી બાનાખત કરી કબજા સહીતની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં તા.ર૪/૧/૧૪ ના રોજ કરવામાં આવેલ છે. તે દાવાવાળી મીલકતની નકલ છે તેમાં લખાવી લેનાર તરીકે પ્રતિવાદી નં.ર નું નામ રહેલુ છે અને લખી આપનાર તરીકે પ્રતિવાદી નં.૧ નું નામ રહેલુ છે. જેમાં પ્રતિવાદી નં.ર નાએ પ્રતિવાદી નં.૧ ને રુપીયા ચુકવી આપ્યાનું જ ણાવેલ છે અને સદરહું જમીનનો કબજો સ્થળ ઉપર સાક્ષીઓની રુબરુ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.ર ને સુપરત કરેલ હોવાનું જણાવેલ છે. જે કરાર સબ રજીસ્ટાર સાહેબશ્રી ઠાસરા સમક્ષ અનુક્રમ નં.૧૧ર/૧૪, તા.ર૪/૧/૧૪ ના રોજ નોધેલ હોવાનું જણાય આવે છે. આમ, સદરહું વેચાણ કરાર વંચાણે લેતાં તા.ર૪/૧/૧૪ ના રોજ દાવાવાળી મીલકતનો કબજો પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.ર ને સોપેલ હોવાનું હાલના તબકકે પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે.

(૮.ર) વાદીના કથન અનુસાર સદરહું જમીન વાદીઓના ગુજરનાર રાજનભાઈ રાવજીભાઈ ને વેચાણ આપવા પ્રતિવાદી નં.૧ ની સાથે તા.૧ર/૧૦/૧ર ના રોજ રૂ.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સમજુતી લખી આપી વેચાણ અવેજ ચુકવવા પાકી ખાત્રી આપેલી. જેના સમર્થનમાં તેઓએ નિ.૩/૫ થી સમજુતી કરારની નકલ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૧,ર ના કથન અનુસાર તા.૧ર/૧૦/૧ર નો સમજુતી કરાર કોઈ નોટરી રુબરુ કે સબ રજીસ્ટારશ્રી રુબરુ નોધવામાં આવેલ

નથી કે કોઈ સાક્ષીની રુબરુમાં સહી લીધેલ નથી. સમજુતી કરારનો સ્ટેમ્પ કોઈ પક્ષકારે ખરીદેલ નથી. રાજનભાઈ રાવજીભાઈ ગુજરી ગયા ત્યારથી તેઓએ કોઈ રકમ મેળવવા કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. આ કામે નિ.૩/૫ થી રજુ સમજુતી કરાર વંચાણે લેતાં પહેલા પક્ષકાર તરીકે પ્રતિવાદી નં.૧ નાઓનું નામ રહેલુ છે જયારે બીજા પક્ષકાર તરીકે વાદીના વડીલ રાજનભાઈ રાવજીભાઈનું નામ રહેલુ છે અને તેમાં બીજા પક્ષકારવાળા તા.૨૧/૩/૧૩ સુધીમાં રૂા.૫૩,૭૫,૦૦૦/– ચુકવવાના છે અને આ રકમ ચુકવી આપેથી પહેલા પક્ષકારે દસ્તાવેજ કરી આપવાનો છે અને જો બીજા પક્ષવાળા આ રકમ ચુકવી ન શકે તો વધારાના સમયની માંગણી માન્ય રાખવામાં આવશે નહી અને પહેલા પક્ષકારે એવા સંજોગોમાં દસ્તાવેજ કરી આપવા બંધનકર્તા રહેશે નહી. આમ, સદરહું સમજુતી કરાર વંચાણે લેતાં બીજા પક્ષવાળા રાજનભાઈ રાવજીભાઈ એ પહેલા પક્ષવાળા પ્રતિવાદી નં.૧ ને રુપીયા ચુકવવાના હતા. તેની જગ્યાએ વાદી તરફે વિરુધ્ધની રજુઆત કરેલ છે. સદરહું વેચાણ કરાર નોટરી રુબરુ કે સબ રજીસ્ટારશ્રી રુબરુ નોધાયેલ નથી કે સાક્ષીઓની સહી નથી. ત્યારે સદરહું સમજુતી કરારને આધારે વાદીને કોઈ મદદ મળી શકે તેમ નથી.

(૮.૩) વાદીના કથન અનુસાર દાવાવાળી જમીનનો તમામ પ્રકારનો વેરો તેઓ ભરતા આવેલ છે તેના સમર્થનમાં નિ.૩/૯ થી નિ.૩/૧૪ સુધીની વેરા પાવતીઓની ઝેરોક્ષ નકલ રજુ રાજેલ છે જે વંચાણે લેતાં તે ખાતા નં.૨૬૫ નાની રહેલી છે. આ કામે દાવાવાળી મીલકતનો ખાતા નં.૨૬૫ હોવા બાબતનો કોઈ પુરાવો વાદી પક્ષે રજુ રાખેલ નથી. આ વેરા પાવતી તા.૨૧/૧/૧૭ ના રોજની રહેલી છે વેરા પાવતી આધારે કોઈ મીલકતના કબજો વાદીઓનો હોવાનું કાયદાના સિધ્ધાંત મુજબ માની શકાય નહી.

(૮.૪) વાદીના કથન મુજબ દાવાવાળી મીલકતમાં હાલ સોયાબીનની ખેતી કરેલ છે તેમ જણાવેલ છે અને પોતાના કબજા ભોગવટામાં રહેલ હોવાનું જણાવેલ છે. જેના સમર્થનમાં તેઓએ દાવાવાળી મીલકતનો પંચકયાસ કરાવી દાવાવાળી મીલકતની સ્થળ સ્થિતિ રેકર્ડ પર લાવી શકયા હોત, પરંતુ આવો કોઈ પંચકયાસ વાદી તરફે કરવામાં આવેલ નથી. વાદીના કથન અનુસાર પ્રતિવાદી નં.૭ સગીર અવસ્થામાં અને માનસીક અસ્થિર હોવા છતાં તેઓની ખોટી ઉંમર દર્શાવી ખોટો દસ્તાવેજ કરેલ છે. આ હકીકતો એ પુરાવાનો વિષય છે. પુરાવો લીધા વિના હાલના

તબકકે આ બાબતે કોઈ નિર્ણય લઈ શકાય નહી.

(૮.૫) આમ ઉપરોકત ચર્ચા કયા અનુસાર પ્રતિવાદી નં.ર નો દાવાવળી મિલ્કત પર કબજો હોવાનુ હાલના તબકકે પ્રસ્થાપીત થાય છે. પ્રતિવાદીનં. ૧, રનાોઓ પોતાની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ રજુ રાખેલ છે જે નીચે મુજબ છે.

(1) LAWS (GJH) 2005 8 35, Chairman/Secretary bhadreshwar Co-Op Hosg. Soc. v/s Maharaj samosa centre prop. Babulal hariram, (2) 1997 (2) G.L.H. 767, Jamnagar-Rajkot Gramin Bank Offiers' Association & Anr .. v/s Jamnagar-Rajkor Gramin Bank & Anr..

સદર ચુકાદાઓને માનભ્મર વંચાણે લીધા. સદરહું ચુકાદાઓની હકીકત અને હાથ ઉપરના કેસની હકીકતો ભ્મીન્ન ભ્મીન્ન રહેલી હોય પ્રતિવાદી નં.૧,ર ને સદરહું ચુકાદા મદદરુપ થઈ શકે તેમ નથી.

(૯) આમ, ઉપરોકત તમામ હકીકતો, દસ્તાવેજી પુરાવાઓ, પક્ષનિવેદનો વિગેરે ઘ્યાનમાં લેતાં, વાદીનો નહી પરંતુ પ્રતિવાદીનં ૧,ર નો પ્રથમદર્શનીય કેસ હોવાનું પુરવાર થાય છે. જયારે પ્રથમદર્શનીય કેસ હોવાની સાથેસાથે સગવડતા અગવડતાની મસતુલા, નાણાંમાં ન ભરી શકાય તેવા નુકશાનીના તત્વો પણ વાદી/પ્રતિવાદીએ પોતાની તરફેણમાં ફલિત કરવા જોઈએ. તે સંદર્ભે જોઈએ તો, આ પ્રકારના આવશ્યક તત્વો આગળ ઉપર ચર્ચા કર્યા અનુસાર આ કામે પ્રતિવાદીનં.૧,ર ની તરફેણમાં ફલિત થાય છે. આમ, ઉપરોકત તમામ વિગતે, હકીકતો એ તેમજ દસ્તાવેજી પુરાવાનો ઘ્યાને લેતાં, મનાઈ હુકમ અંગેના ત્રણેય સિઘ્ધાંતો વાદીની નહી પરંતુ પ્રતિવાદી નં.૧,ર ની તરફેણમાં હોઈ, મુદૃા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે, મુદૃા નં.૪ થી ૬ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે, અને મુદૃા નં.૭ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

(૧) વાદીની આંક–પ નીઅરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(ર) પ્રતિવાદીની આંક–ર૩ નીઅરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૩) આથી એવો હુકમ કરવામાં આવે છે કે, દાવાવાળી મીલકત મોજે સુઈ ગામની બ્લોક નં.રર૩, ખાતા નં.૬પ૯, ક્ષેત્રફળ પ–૭૬–૬૮, આકારે રૂા.૩૯.૭પ પૈસા વાળી ખેતીની જમીનનો વાદીઓએ તેમના માણસો, નોકરો, એજન્ટો ઘ્વારા

કાયદેસર કાર્યવાહી કર્યા સીવાય કબજો લેવો લેવડાવવો નહી તેવો દાવાના ચાલુ કામે વાદીની વિરુધ્ધમાં અને પ્રતિવાદી નં.૨ ની તરફેણમાં દાવાના આખર નિકાલસુધીનો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) આ અરજીનું ખર્ચ દાવાના આખર પરિણામને અનુસરશે.

(૫) આ હુમની એક નકલ આંક–૨૩ નીચે રાખવી.

હુકમ આજરોજ તા. ૯ મી માહેઃ મે, સને ૨૦૨૨નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

.

તારીખ : ૦૯–૦૫–૨૦૨૨.
સ્થળઃ ડાકોર.

(પ્રમોદ ચિમનભાઈ રોહિત)
પ્રિન્સીપાલ સીવીલ જજ
ડાકોર.(જીજે ૦૧૨૮૪.)